SEAT NO.________ No of printed pages: 03

[A-2]

# SARDAR PATEL UNIVERSITY

T.Y.B.A.(External Old Course) Examination
Friday, 21st August 2020
11 :00 A.M. To 01 : 00 P.M.
GUJ : 309 Gujarati Literature Paper : 9

**અપઠિત લેખન-પરિશીલન (Ansin)**

કુલ ગુણ : ૭૦

નોંધ : જમણી બાજુ દર્શાવેલ અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.

પ્ર.૧ નીચે આપેલી પંક્તિનો અર્થવિસ્તાર કરો. (કોઈપણ બે) (૧૭)

(૧) હણો ના પાપીને, દ્વિગુણ બનશે પાપ જગનાં;
લડો પાપો સામે વિમળ દિલના ગુપ્ત બળથી.

(૨) મને મળી નિષ્ફળતા અનેક,
તેથી થયો સફળ કાંઈક જિંદગીમાં.

(૩) જે પોષતું તે મારતું, શું એ નથી ક્રમ કુદરતી?

(૪) ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે તદપિ અર્થ નવ સરે,
મુક્તાફળ દેખી મત્સ્યભોગી બગલો ચંચુ નવ ભરે.

પ્ર.૨ નીચેના કાવ્યનું રસદર્શન કરાવો. (૧૮)

**થોડો વગડાનો શ્વાસ**

થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં
પ્હાડોના હાડ મારા પિંડમાં ને
નાડીમાં નાનેરી નદીઓનાં નીર
છાતીમાં બુલબુલનો માળો ને
આંગળીમાં આદિવાસીનું તીણું તીર
રોમ મારાં ફરકે છે ઘાસમાં
થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં
સૂરજનો રંગ મારા પાંદડાં પીએ ને
પીએ માટીની ગંધ મારાં મૂળ
અર્ધું તે અંગ મારું પીળાં પતંગિયાં ને
અર્ધું તે તમરાંનું કુળ,
થોડો અંધારે, થોડો ઉજાસમાં
થોડો ધરતીમાં, થોડો આકાશમાં
થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં

-જયંત પાઠક



(P.T.O.)

અથવા

પ્ર. ૨ નીચેના કાવ્યનું રસદર્શન કરાવો. (૧૮)

**આવો!**

અમે રે સૂકું રૂનું પૂમડું,
તમે અત્તર રંગીલા રસદાર;
તરબોળી દ્યોને તારેતારને,
વીંધો અમને વ્હાલા,આરંપાર:
આવો, રે આવો હો જીવણ આમના.
અમે રે સૂના ઘરનું જાળિયું,
તમે તાતા તેજના અવતાર;
ભેદીને ભીડેલા ભોગળ-આગળા,
ભરો લખ લખ અદીઠા અંબાર:
આવો, રે આવો હો જીવણ આમના.
અમે રે ઉધઈ-ખાધું ઈંધણું,
તમે ધગધગ ધૂણીના અંગાર;
પડેપડ પ્રજાળો વ્હાલા, વેગથી,
આપો અમને અગનના શણગાર:
આવો, રે આવો હો જીવણ આમના.

-મકરંદ દવે

પ્ર.૩ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો. (૧૭)

કવિનું કાર્ય રસિક કૃતિઓ ઉત્પન્ન કરવાનું છે. અમૂર્ત વિચારો અને અનુમાનોના સિદ્ધાંતો કહેવાનું નથી. કવિ જે વિચારો અને અનુમાનો ઇષ્ટ હોય તે તે અમૂર્ત સૂત્રરૂપમાં ગોઠવવાને બદલે મૂર્તિઓ અને કૃતિઓના અંગ અને ગુણ રૂપે તે પોતાની રચનામાં દાખલ કરે છે. કવિ સિદ્ધાંતો કહી બતાવતો નથી પણ પાત્રો અને વૃત્તાન્તોનાં એવાં આનંદમય ચિત્રો આપે છે કે ચિત્રો ગ્રહણ કરનાર તે ચિત્રોમાં રહેલા સિદ્ધાંતો અનાયાસે અને વગર જાણ્યે ગ્રહણ કરી લે છે. કવિ જો સિદ્ધાંતનું કથન કરવા બેસે તો આનંદમય રચનાનો ત્યાગ કરી તેને બીજા જ પ્રદેશમાં જવું પડે.

–રમણભાઈ નીલકંઠ

અથવા

પ્ર. ૩ નીચેના ગદ્યખંડનો સાર-સંક્ષેપ લખી, યોગ્ય શીર્ષક આપો. (૧૭)

અત્યારે યુવાવસ્થા સ્પૃહણીય ગણાય છે. મોટી ઉંમરે પણ યુવાવસ્થા હોવી એ ધન્ય ગણાય છે ત્યારે હું પૂછી શકું કે યુવાન કોને ગણવો? જન્મ પામ્યાને થોડાં વરસો થયાં હોય એટલા ઉપરથી જ યુવાન ગણી શકાય? નહિ જ. જો નાની ઉંમર છતાં પણ માણસ વૃદ્ધની માફક ભવિષ્યની ચિંતા કરતો ફરે, લાભાલાભનો હિસાબ ગણવા બેસે, ભય અને ગણત્રીબાજીથી ઉભરતા જીવનના ઉલ્લાસને દબાવી દે તો તે યુવાન શેનો? પોતાની વૃત્તિઓને સ્વાર્થની મર્યાદામાં સંકડાવે અને તેને સ્વતંત્ર લીલા ન કરવા દે તો તે યુવાન શેનો? અને આ કસોટીએ ભેગા મળેલામાંથી કેટલાને આપણે યુવાન ગણી શકીશું? આપણે અનેક વિદ્યાર્થીઓને-હું ખાસ તેમને ઉદ્દેશીને જ બોલું છું-પોતાની શક્તિને અનુકૂળ નહિ પણ પરીક્ષાના પરિણામને અનુકૂળ વિષય, કે ભવિષ્યમાં સારી નોકરી મળે એને માટે અમુક વિષય નક્કી કરતા નથી જોતા? આવી ચિંતા, નિર્વાહની ફિકર વૃદ્ધને હોય, યુવાનને ન શોભે.

-રા. વિ. પાઠક

પ્ર.૪ (અ) **કોઈપણ બે** છંદનું બંધારણ દૃષ્ટાંત આપી સમજાવો. (૦૯)

પૃથ્વી, મંદાક્રાંતા, હરિગીત, ઝૂલણા

(બ) **કોઈપણ બે** અલંકાર ઉદાહરણ સાથે સમજાવો. (૦૯)

વર્ણાનુપ્રાસ, રૂપક, વ્યાજસ્તુતિ, અપ્રસ્તુત પ્રશંસા

—x—